**શ્રી સી. ડી. પટેલ મહાવિધ્યામંડળ સંચાલિત શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કોલેજ, તલોદ**

**જુનિયર કલાર્ક વર્ગ-3 ની જગ્યા -૧ (EWS) માટે લેવાનાર લેખિત પરીક્ષા માટે**

**(ઉમેદવાર માટેની સૂચનાઓ)**

**(આ તમામ સુચનાઓ અવશ્ય વાંચી અમલ કરવા ઉમેદવારોને જાણાવવામાં આવે છે)**

(૧) આ પરીક્ષામાં આપનો પ્રવેશ સંચાલક મંડળની જાહેર ખબર અને તેને સંબધીત સૂચનાઓને આધારે આપે સંસ્થાને મોકલેલી અરજીમાંની વિગતો અને અરજીપત્રકમાં દર્શાવેલ તેમજ જોડેલ શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, જેન્ડર, કે અન્ય કોઇપણ માહિતી ભવિષ્યમાં કોઇપણ તબક્કે ખોટી/ ક્ષતિયુકત હોવાનું મંડળને જણાશે તો આપની ઉમેદવારી /પસંદગી /નિમણૂક, મંડળ દ્વારા નિયમોનુસાર "રદ" થવા પાત્ર ઠરશે.

(૨) જો આપ જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત પરિપૂર્ણ કરતાં ન હોય તો આ સુચના અન્વયે આપને આ પરીક્ષામાં નહીં બેસવા માટે સલાહ આપવામાં આવે છે.

(3) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલાવેલ કોલલેટર-કમ-હાજરીપત્રક ઉપર પોતાનો ફોટો ચોંટાડી પરીક્ષાખંડમાં અચૂક સાથે લાવવાનો રહેશે. અન્યથા, આ પરીક્ષામાં આપને બેસવા દેવામાં આવશે નહી. અરજીમાં જે ફોટો લગાવેલો હોય તદ્દન તેવો જ ફોટો હાજરીપત્રકમાં ચોંટાડવો ફરજીયાત છે.

(૪) PH ઉમેદવારો જેવા કે, (૧) અંધ ઉમેદવાર (૨) લોકોમોટર ડીસએબીલીટી (બંને હાથની ખામી-BA) અને (૩) સેરેબ્રલ પાલ્સી કેટેગરીના ઉમેદવારોએ લહિયાની સુવિધા મેળવવા માટે વિકલાંગતા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. ઉકત ત્રણ કેટેગરી સિવાયની વિકલાંગતા ધરાવતાં ઉમેદવારોએ લહિયાની સુવિધા મેળવવા માટે Governmentના Chief Medical officer/Civil Surgeon/Medical Superintendent નું Appendix-I ના નમુનામાં પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે સિવાય લહિયાની માંગણી ગ્રાહય રાખી શકાશે નહિ.

(૫) પરીક્ષાખંડમાં આપે આપની ઓળખ માટે - ઇલેકશન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ કે પાનકાર્ડ સાથે રાખવાનું રહેશે. જે નિરીક્ષક (ઇન્વીજીલેટર) માંગે ત્યારે બતાવવાનું રહેશે.

(૬) આ પરીક્ષા MCQ -OMR (મલ્ટીપલ ચોઇસ કવેશ્ચન) પધ્ધતિની રહેશે. ઉમેદવારોએ તેમાં બેઠક ક્રમાંક તથા પ્રશ્નના જવાબ સામેના ◯ માં બ્લ્યૂ/ બ્લેક બોલપોઇન્ટ પેનથી સંપૂર્ણ ઘુંટીને ● દર્શાવવાનો રહેશે. જવાબ સામેના આપેલ વર્તુળ જો અધૂરું ઘૂંટવામાં આવશે તો તે જવાબ માન્ય ગણવામાં આવશે નહીં.

(૭) OMR પધ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની સૂચનાઓ અચૂકપણે વાંચવી, પછી જ જવાબો લખવા. OMR ઉત્તરપત્રમાં સ્વહસ્તે બેઠક ક્રમાંક, પ્રશ્નપુસ્તિકા નંબર આંકડામાં તથા **પ્રશ્નપુસ્તિકા કોડ અંગ્રેજી અક્ષરમાં** અને OMR પધ્ધતિમાં સૂચવ્યા મુજબ અચૂક દર્શાવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈ લખાણ કે ઓળખ ચિહન કરવા નહિ. અન્યથા ક્ષતિયુક્ત OMR ઉત્તરપત્ર રદ ગણીને ચકાસવામાં આવશે નહી જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૮) નિર્ધારીત પરીક્ષા સમય કરતા ૧-૦૦ કલાક અગાઉ આપે આપની બેઠક પર અચૂક હાજર થવાનું રહેશે.

(૯) પરીક્ષામાં મોબાઇલ સાથે લાવવા પર પ્રતિબંધ છે. તેમજ સાથે બિન-અધિકૃત પુસ્તકો, કાગળો, સાહિત્ય તથા પેજર, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વિજાણુ સાધનો રાખવા પર **પૂર્ણ** પ્રતિબંધ છે. તેમ છતાં જો આવી વસ્તુઓ આપની પાસેથી મળી આવશે તો આપ આપોઆપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે. આ સૂચનાનો ભંગ કરનાર ઉમેદવાર શિસ્તભંગના પગલાંને પાત્ર ઠરશે.

(૧૦) ઉમેદવારો પરીક્ષા શરૂ થયા પછી પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકશે નહીં. કોઈ ખાસ સંજોગોમાં સ્થળ પર હાજર **ભરતી સમિતિના પ્રતિનિધિની** મંજુરી સિવાય આ ટુંકા સમયમાં ઉમેદવારને વર્ગખંડની બહાર જવા દેવામાં આવશે નહી.

(૧૧) OMR Sheet માં ઉમેદવારની સહી ફરજીયાત છે. ઉમેદવારે ઉત્તરપત્રમાં નિયત જગ્યાએ પોતાની સહી તેમજ ખંડ નિરીક્ષક (ઇન્વીજીલેટર) ની સહી કરેલ/ કરાવેલ નહીં હોય તો તેવા ઉમેદવારનું ઉત્તરપત્ર (OMR Sheet) ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો અનુસાર રદ કરવામાં આવશે. તેથી OMR Sheet ખંડ નિરીક્ષક (ઇન્વીજીલેટર) ને સુપ્રત કરતાં પહેલાં ઉકત વિગતો અવશ્ય ચકાસી લેવી.

(૧૨) OMR પધ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાકવાળા, અધૂરું ઘૂંટેલ વર્તુળ, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન પ્રશ્નપુસ્તિકામાં આપવામાં આવેલ સૂચનાઓ મુજબ (માઇનસ પધ્ધતિથી) કરવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક, અધૂરું ઘૂંટેલ વર્તુળ, કે એક કરતાં વધુ વિકલ્પ માટે પ્રત્યેક જવાબ દીઠ ૦.૨૫ માઇનસ ગુણ કાપવામાં આવશે.

(૧૩) પ્રશ્નપત્રમાં કુલ-૨૦૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે. દરેક પ્રશ્નના જવાબના આપવામાં આવેલ કુલ-૪ વિકલ્પો પૈકી આપે સાચો વિકલ્પ પસંદ કરીને તેના પર ઉપર વર્ણવ્યા મુજબ ઘૂંટીને દર્શાવવાનો રહેશે. જો આપ કોઇ પ્રશ્નના સાચા જવાબનો વિકલ્પ પસંદ કરી ન શકવાના કારણે તે પ્રશ્નનો જવાબ આપવા માંગતા ન હોય તો આપે પાંચમા વિકલ્પ (E)પર ઘૂંટીને દર્શાવવાનો રહેશે. ઉમેદવારે (E) વિકલ્પ દર્શાવેલ હશે તો માઇનસ ગુણ કપાશે નહિં અન્યથા આવા પ્રશ્નના ખાલી છોડેલ પ્રશ્ન તરીકે ૦.૨૫ માઇનસ ગુણ કપાશે. પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે.

(૧૪) ઉમેદવારે પરીક્ષાની શરૂઆતમાં હાજરીપત્રકનું અડધિયુ તેમજ પરીક્ષા પૂર્ણ થયેથી ઉત્તરપત્ર (OMR Sheet), પરીક્ષા ખંડના નિરીક્ષક (ઇન્વીજીલેટર) શ્રીને પરત સોપ્યા બાદ જ પરીક્ષાખંડ છોડવાનો રહેશે. તેમ ન કરનાર ઉમેદવારને પરીક્ષામાં ગેરલાયક ઠરાવવામાં આવશે અને તેવા ઉમેદવાર સામે કાયદેસરની **કાર્યવાહી ભરતી સમિતિ** ધ્વારા કરવામાં આવશે. પરીક્ષા પૂર્ણ થયેથી ઉમેદવાર પ્રવેશપત્રનો ઉપરનો અડધો ભાગ તેમજ પ્રશ્નપત્ર પોતાની પાસે રાખી શકશે.

(૧૫) આ પરીક્ષાના પ્રશ્નપત્રની પ્રોવિઝનલ આન્સર-કી પરીક્ષાની તારીખ બાદ કોલેજની વેબ સાઇટ https://www.sciencecollegetalod.com પર મુકવામાં આવશે. પ્રોવિઝનલ આન્સર-કી સામેના વાંધા, આન્સર-કી પ્રસિધ્ધ થયાના એક અઠવાડીયાની અંદર જરુરી આધાર-પુરાવા સાથે RPAD પોસ્ટ દ્વારા સંસ્થાને મળે તે રીતે મોકલી આપવા, ત્યાર બાદ આવેલ વાંધા અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં. બાદમાં ફાઇનલ આન્સર-કી કોલેજની વેબ સાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૧૬) આ પરીક્ષામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઠરાવાયેલ લાયકી ગુણ લઘુત્તમ લાયકી ગુણ ૪૦ ટકા પ્રમાણે તમામ ઉમેદવારો માટે રહેશે અને મેરીટના ધોરણે ભાગ-૨ ની મુખ્ય પરીક્ષા માટે નિયમોનુસાર ઉત્તિર્ણ/લાયક ગણવાના રહેશે.

(૧૭) સમગ્ર ભરતી પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી વચગાળાના તબક્કે ગુણ, પરિણામ કે રીચેકીંગની અરજી કે લેખિત પરીક્ષા સંબંધિત અન્ય કોઇપણ બાબતને ખાનગી પ્રકારની ગણવાની હોવાથી તેવી માહિતી મેળવવા માટેની કોઇ પણ અરજી/રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૧૮) કોલ લેટરમાંની આ સૂચનાઓ ઉપરાંત કોલેજની વેબ સાઇટ https://www.sciencecollegetalod.com પરની વખતો વખતની સૂચનાઓ પણ અચૂકપણે વાંચવી.

(૧૯) ઉમેદવારે રફકામ પ્રશ્નપુસ્તિકામાં કરવાનું હોવાથી અલગ રફશીટ આપવામાં આવશે નહીં. તેમ જ ઉમેદવાર પોતે પણ રફકામ માટે અલગથી કાગળ લાવી શકશે નહીં.

(૨૦) ઉમેદવાર નકલ કરતા ગેરરીતી / ગેરશિસ્ત આચરતા જણાશે તો, ઉમેદવારને ગેરલાયક ઠેરવવા ઉપરાંત, ભવિષ્યની પરીક્ષાઓમાં બેસવા માટે પ્રતિબંધ મુકવા ઉપરાંત ફોજદારી પગલાં સહીતની શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

(૨૧) ઉમેદવારે પરીક્ષા ખંડમાં તેમને આપવામાં આવતી સુચનાઓનો અચૂકપણે પાલન કરવાનું રહેશે.

(૨૨) પરીક્ષા સ્થળ તેમજ કેમ્પસમાં પરીક્ષાર્થી સિવાય તેઓના સગા/સંબંધીઓને પ્રવેશવા દેવામાં આવશે નહી.

TALOD 383215